

લેખક-શ્રીયુત કવિ
પટેલ
જોઇતારામ ભગવાનદાસ
મુ. અનારા. (બારશીદા).

પાસેથી સર્વ હક્ક ખરીદ કરી

છપાવી પ્રસિદ્ધ કરનાર,
બુકસેલર
જદુલાલ નારણદાસ.
ઠે૦ જાદવ પુસ્તકાલય.
સ્વામીનારાયણના મંદીર પાસે
નડીઆદ.

વરઘેલી વિણા

યાને

પ્રેમી કે પાગલ.

ભાગ ૩-૪ થો.

કીંમત રૂ. ૦-૨-૬

શ્રીલક્ષ્મીવિજય પ્રી. પ્રેસ (પ્રાન્ચ) માં દેસાઇ રાયચંદ છગનલાલે
છાપી. નગરશેઠ મારકીટ રતનપોળ–અમદાવાદ.

જાહેર ચેતવણી.

આવૃત્તિ પહેલી.

સં. ૧૯૮૭. પ્રત ૨૦૦૦.

વરઘેલી વિણા

યાને

પ્રેમી કે પાગલ.

ભાગ ૩ જો.

કર્તા—સ્વપ્નું ગયું વિણા તણું તે સાથ લીલા પણ ગઇ,
સખીઓ નહિ, કુન્દન નહિ, હોડી વગેરે છે નહિ,
છે પૂર્વવત્ સ્થીતી અરે તકીએ અઢેલી તે પડી,
તારો તુટી વિણા તણા મૃત પ્રાય પાસે તે પડી ૧

આ સ્વપ્ન આવુ જોઇને આજે વિણા બેભાન થઇ
પોકારતી ઓ નાથ! ઓ કુન્દન! અરે અવાક્ થઈ
તુટયા હૃદયના પ્રેમ તારો રે વિણા તેથી પડી
આ જાણતું કોઇ નથી પાસે નથી પણ આ ઘડી ૨

પ્રીય વાંચકો ? નિંદ્રા મીઠીમાં છે વિણા ઉંઘી ગઈ
ત્યાં સુધી જોઈએ આપણે કુન્દન તણી ગતી શી થઇ
કુન્દન ગયા ઉપડી અરે નીજ ગામ અમદાવાદ તો
વિશ્રામ રાત્રી એકનો જાતાં કર્યો નડીઆદ તો ૩

નીજ મીત્ર પરિશીલન હતો તેને કરી આ વાત છે
લેવી મદદ એ મીત્રની વિચાર એ ખરેખાત છે.
નીકળી અચાનક આવીઓ તે ઘેર કુન્દન આજ તો
ના, ના ખબર આપી હતી પહેલા થકીએ ખાસ તો ૪

નીજ તાત ત્રીકમલાલને માતા મણીલક્ષ્મી હતાં
ઉઠી સફળાં આવીઆં જયા પુત્રને અવલોકતાં
પુછે પુરી આતુરતાથી રે મણીલક્ષ્મી તહાં
મણી–ફીકર મને થાયે ઘણી આવ્યો અચાનક તું જહાં ૫

કહે ભાઇ એકાએક તું આવ્યો અરે શા કારણે?
છે ઠીક તન તારૂ અરે કે કંઇ થયો વ્યાધિ તને
કાગળ પ્રથમથી ના લખ્યો એ શું સમજીઓ તું મને
રે તેડવાને આવતી સામી અરે હું સ્ટેશને ૬

પરભાર્યો આવ્યો કે અરે મુંબઇ થકી તો તું અરે
ઉતર્યો હતો વચ્ચે કંઇ તે તો મુને તું કહે અરે
કર્તા–આપે નહિ કુન્દન તહાં સામા જવાબો તો છતાં
પ્રશ્નો તણી પરંપરા તોયે મણી કરતાં હતાં ૭

ધીમે રહી બોલ્યો તહાં કુન્દન જવાબો આપતાં
કુન્દન–સારૂં શરીર છે મારૂં ચીંતા ઘણી અંતર છતાં
વચમાં ભરૂચે ઉતર્યો એક દીન ત્યાં તો હું રહ્યો
નડીઆદ રહીને એક દીન પરભાર્યો ત્યાંથી આવીયો ૮

કર્તા-ચીંતા પરીક્ષાની ગઇ પણ પ્રેમ ચીંતા લે થઈ
જ્યાથી ભરૂચ તં ઉતર્યો ત્યાંથી શરૂ ને તો થઇ
મતા પીતા અંતર તણી ઇચ્છા અરે તે જાણતો
ભરપુર પૈરણ જ્યાં મળે ત્યાં પુત્રને પરણાવવો ૯

ભરૂચે બની જે વાત તે કહેવા અરે શી રીતથી
માતા પીતાના શર્મ તો લોપતી રહેજે તે નથી
મોં ધોઇને સૌ સાથમાં ચા તો પીવા બેઠા જઇ
અવસર હવે આવ્યો અણી વદવા તણી હિંમત થઇ ૧૦

કુન્દન- ચા પીતાં પીતાં બોલીઓ માતા પીતા તમે સાંભળો
હું ઉતર્યો ભરૂચમાં તં વાત કહુ કાને ધરો
ત્યાં કૃષ્ણલાલજ નામના છે આપણી વગા નાતના
ગૃહસ્થને બિ, એ થયા કુળવાન છે વળી જાતના ૧૧

વળી આપ એ ગૃહસ્થને પીછાણતા પુરા હશો
શ્રીકમ-હા, હા હું એને ઓળખુ ના ઢંગ તેમાં છે કશો
ગૃહસ્થ પણ શાના ગણાયે છે પુરો નાદાર તે
શીદ છોકરી ફરતી ફરે પૈસો પુરો પાસે હતે ૧૨

કુન્દન-કન્યા સમોવર તેહને જોતાં હજુ મળીઓ નથી
તેથી કુંવારી તે રહી કારણ બીજુ તેમાં નથી
રૂપ ગુણ એનાથી વધુ ક્યાંયે હજુ દીઠાં નથી
લાવણ્યને વિવેકથી હું વશ થયો એના થકી ૧૩

તેથી સ્વીકારી તેહને મારી સદાની સહચરી
પુછાવો કૃષ્ણલાલને લખી એક પત્રીકા ખરી
કર્તા–સુણી વચન કુન્દન તણાં ગભરાયા ત્રીકમલાલ તો
કુન્દન તણા વિવાહનો વિચાર અહીંઆં ચાલતો ૧૪

નક્કી કરી દીધું હતું તેથી પડયાં વિમાસણે
સામાં રહયાં જોઇ છતાં ઉત્તર ન આપ્યો તેમણે
ત્યાં સુધી કુન્દન તો વધ્યો ઠંડા કલેજે રે વળી
માતા પીતા તમે સાંભળો હું તો વિવા' આવ્યો કરી ૧૫

રે ફક્ત તેમાં આપની લેવા અનુમતી આવીઓ
હું જાણતો મારી ફરજ તેથી અરે હું આવીઓ
ના કાઢે પાછળ વાંક કોઈ તેથી હું તો આવીઓ
તેથી જ કાને નાખવા આ વાત હું તો આવીઓ ૧૬

કર્તા–મણી લક્ષ્મી ત્યાં તો બોલીઆં ક્રોધે ભરાઇ તતં જો
મણી–મોટા થયા તેથી અરે મન ચ્હાય તેમજ વર્તજો
બહુ છો ભણ્યા તેથી હવે વંઠી ગયા પણ છો બહુ
અતિ લાડમાં ભાઈ કહયા તે ધુળમાં મળીયું સહુ ૧૭

માથે ચઢી બેઠા તમો શાના અમોને પુછતા
માબાપ છે તમ વૈતરાં એવું તમે શું ધારતા
જીવતાં અમે બેઠાં છીએ ના, ના હજી મરી તો ગયાં
ચીંતા પડી અમને બધી હજીના અમે ઘરડાં થયાં ૧૮

શું વહી જતુ વિવાહનું ધીરે બધુ બનશે અહિં
કન્યા અહિં મળશે રૂડી ભરૂચતો જાવું નહી
અહિં રોજ આવે પુછતા કન્યા તણા પીતા ઘણા
ભરપુર પૈઠણ આપીને આભારી થાતા આપણા ૧૯

પરગામની કન્યા કદી ઘેર આપણે શોભે નહિ
પરગામ ી કન્યા કદી ઘેર પાલવે આપણ નહિ
પગ બાંધી રહે ઘેર આપણે નીરંતરે શો લાભ છે
વિચાર ઉંડો જો કરો આખર ખરેખર ખાધ છે ૨૦

જો ગામની કન્યા મળે કુળ આપણું ઉંચુ ઠરે
જો ગામની કન્યા મળે ઘર ખર્ચ પણ ઓછું પડે
પૈઠણ મળે પુરી વળી હાપાં ઘણાં જઈ લેઇએ
માટે જ કન્યા ગામની જોઇ જાણીને વળી લેઇએ ૨૧

વહાણું વાયે જાય તે રોજે વળી પીએરમાં
વળી આવે પાછી સાંજરે પરવારી આપણ ઘેરમાં
બે ટંકના અનાજનો મોટો ખરેખર લાભ છે,
ના વસ્ત્ર એકે વહોરવું એ પણ ખરેખર લાભ છે ૨૨

બેટા લુલ્લી તું શું ગયો હમણાંજ પંદર સો ગણ્યા
તુજ બેનને પરણાવી ત્યાં પૈઠણ તણા પુરા ગણ્યા
એ ખોટ તુજથી વાળવી હજાર ત્રણજ લેઇને
એ છે કમાણી આપણી એ કહું છું ભારજ દેઇને ૨૩

ખરચ્યા વળી પઇસા ઘણા તુજને ભણાવ્યા પાછળે
શું તેહનો બદલો હવે અવસર મળે આ નહિ વળે
માટે હવે તુ છેક છોકરવાદીના કરતો જરા
તુજ લગ્નમાં અમને ઘણા અંતર ઉમળકા છે ખરા ૨૪

કુન્દન–માતાજી મુજને માફ કરજો કાંઇ વધુ પડતું વદુ
ના વેચવા હું માગતો મુજ જાતને પહેલાં કહું
તમ સ્વાર્થના કારણ થકી ભવ માહરો બાળુ નહિ
કો મુર્ખ કન્યા સાથ હું સબંધ મુજ જોડુ નહિ ૨૫

ખરચ્યા ભલેને બેનની પાછળ પુરા પંદરસો
મુજ જાતની એક પાઇ પણ લેવા કદીના ધારશો
મુજ માટ કન્યા આપતો કૃપા કરી ના ખોળશો
જો હોય મારી લાગણી તો કહુ ત્યાં પરણાવશો ૨૬

ભરૂચની કહી વાત એ તો આપ અંતર લાવશો
કૃષ્ણલાલની વીણા તણી તો માગણી કરી આવશો
એ છોકરી સિવાય કોઈ છે બીજી ખપની નહિ
પરણી ચુકયો હુ તેહને મહેનત તમો કરશો નહિ ૨૭

કર્તા–બાબત બધી સમજી ગયા છે તાત ત્રીકમલાલ તો
જાણ્યું હવે વંઠી ગઇ આ વાતને વિચારતો
થયો મોટો જોટો પુત્ર તો બળથી નહિ કાંઈ વળે
કદી લઇએ કળથી કામતો છેવટ જતાં કંઇકે વળે ૨૮

નીજ પત્નીને સંબોધી ત્રીકમલાલ તો બોલ્યા વળી
ત્રીકમ–તેની તમારે શી પડી આ વાત કહુ છું હું વળી
ડાહ્યો અરે એ છોકરો એ વાત પણ કહે છે ખરી
બૈરાં તમે જાણો નહિ વિચાર કરો સમજો જરી–૨૯

છે શાસ્ત્રમાં લખીયું વળી કે પુત્ર વર્ષજ સોળનો
તેને પીતાએ મીત્ર સમ સ્નેહે થકી તો માનવો
માટે થયો મોટો હવે કુન્દન જરા જોતી નથી
તે માટ તેને આજથી પુછયા વિના ચાલે નહિ ૩૦

વળતી વદયા કુન્દન તણાએ મુખ સામુ જોઈને
ઠીક ભાઇ એ પણ જોઇશું કરશું વળી જો ત્યાં બને
અંતર તણા ઉચાટ તજીને દીલ ખોલી બોલજે
જો માગણી તે ના સ્વીકારે વાત બીજે તો થશે ૩૧

આજે જ કાગળ હું લખુ જો થાય આપણુ કામ તો
જો બેસતી આવે બાત તો મળશે ઘણો આરામ તો
કહી આમ કુન્દનલાલને ઠંડા અરે ત્યાં પાડીઓ
લખવા ભરૂચે કાર્ડની પેટી મહીથી કહાડીઓ ૩૨

ત્રીકમ–કાગળ મહી લખીયું વળી વિચાર કરી પગ માંડજો
હજાર ત્રણ પૈઠણ તણા હોયે વિવા આરંભજો
વળી જો નજર પહોંચે નહિ તો ના નિરાળી પાડજો
ઉંડળ ન આવે હાથમાં તો બાથ ઓથે ન મારશો ૩૩

કર્તા–વિચાર આ પીતા તણો કુન્દન વળી સમજ્યો હતો
તેથી લખ્યો તેણે ત્રણ઼ાં છે પત્ર પણ ભરૂચ તો
કુન્દન–મારા પીતાએ આપને આજે લખ્યો છે પત્ર તો
તે કારણે આ મેં લખ્યુ જે જે બન્યુ છે અત્ર તો ૩૪

મુજ તાતના કાગળ મહિ ઘણી માગણી ભારે હશે
તે માગણી સ્વીકારતાના કોઈ કારણ નામશે
મુજ તાત જો ના પાડશે તોયે અબોલ્યુ' નહિ કરૂં
પરણીશ વિણા સાથ હું એ માનજો સાચુ ખરૂ ૩૫

તમ સાથ બંધન હું થયો વિણા તણો વળી પ્રેમ છે
દ્રઢ પ્રેમ એ કરવા તણી મારી ખરેખર નેમ છે
આ પત્ર સાચો માનીને ઉત્તર ખરેખર આપજો
જે હોય પૈઠણ શકિતના પ્રમાણમાં જણાવજો ૩૬

કર્તા–લખી પત્ર એવો પોષ્ટમાં જાતે જઇને નાખીઓ
સૌએ પછી શાંતી ધરી કહેતાં નિવેડા આવીઓ
આ તરફ કુન્દનલાલ તો વિણા મહી ગુલતાન છે.
કુન્દન તણા માતા પીતાનું તરફ બીજી ધ્યાન છે ૩૭

કુન્દન તણો વિવાહ અમદાવાદમાં નકકી કર્યો
પૈઠણ તણા હજાર ત્રણનો આંકડો પુરો કર્યો
સંકલ્પ એવો છે કર્યો ભરૂચમાં જાવું નહિ
સમજાવી કુન્દનલાલને પરણાવવો પણ છે અહિં ૩૮

એક દીન કુન્દનલાલ તો ગાર્ડન વિષે ફરવા ગયો
કીસ્સો વળી ફરહાદને શીરીનનો લેતો ગયો
જઈ બેંચ પર તે બેસીને કીસ્સે થયો ગુલતાન તે
ફરહાદના જેવો થયો પ્રેમે અરે બે ભાન તે ૩૯

પાછળ થકી ત્યાં એટલામાં ચક્ષુ કોઈએ દાબીઆં
ઝબકી અરે સાવધ થયો સ્વપ્નો બધાં ઉડી ગયાં
નીજ કર થકી કર ઝાલીને તે વ્યકિત આગળ લાવીઓ
જોઇ બાળકી નવ વર્ષની કંઇ ક્રોધ અંતર આવીઓ ૪૦

કુન્દન–ઓ બેન ? સચુ બોલતું આ કેમ સાહસ તેં કર્યું
છોકરી–ઓ ભાઇ ? પતિ મારા તમે એવું મને શીખવ્યુ હતું
કુન્દન–કોણે તને શીખવ્યું એ તો મને કહે ઝટ હવે
છોકરી–સખીઓ મને શીખવી બધુ સંતાઇ ગઇ છે તે હવે ૪૧

છોડી હવે દો ભાઇ મુજને ના કદી આવું અહિં
કુન્દન–બતલાવ સખીઓ કયાં ગઇ સંતાઇ વળી તે તો કહી
શિક્ષા કર્યા વિણુ છોડુ નહિ તું કોણુ નાતે છું વળી
કર્તા–આ સાભળી ચોધાર નયને ત્યાં રડાએ છો.કરી ૪૨

રૂદન અરે તેનું સુણી સખીઓ અરે સંતાઇ જે
નીકળી અરે ત્યાં આવતી હસતી વળી કંઇ કહેતી તે
આવી નજીક કુન્દન તણો મૃદુ હાસ્યથી ઠપકો દીધો
સખીઓ–પરણ્યા પહેલાં આમશું કર એકલે ઝાલી લીધો ૪૩

કુન્દન–બાળા વિચારી બોલજો હું તમ થકી શરમાઉં છું
તમ મર્મ વચનોથી અરે બંધન પ્રભુનો થાઉં છું
તરકટ બધુ આ શું કર્યું તેની મુને ગમના પડી
સમજાવો મુજને તે બધુ હસવા તણીના આ ઘડી ૪૪

સખીઓ–કુન્દન તમારી ભાવી પત્ની એ તમો આગળ ઉભી
અતિ પ્રેમથી પીતા તમારે માટ વ્હોરી એ લીધી
ઓળખાણ એ બધી પાડવા અમે મોકલી એને હતી
મેળાપ પહેલો પ્રેમનો રીઝી કંઇ આપો વળી ૪૫

કુન્દન–ચોઢયો તમાચો ગાલ પર "છટ નોનસન્સ કહી વળી"
હું પરણું આને એટલી બુધ્ધિ નથી મારી ટળી
કાને બધીરતા દાખવે તીરકસ નજર વળી નાખતી
વળી છેક નાની ઠીંગણી આંખો નથી મારી ફુટી ૪૬

કર્તા–સખીઓ બધી શરમાઈ ગઇ કુન્દન તણાં વચનો સુણી
હસવા તણું ઠસવું થયું પસ્તાઇ અંતર તે ઘણી
તે છોકરી પણ કયારની રડતી અરે નાસી ગઇ
લઇને પ્રસાદી પ્રેમની તે એકલી ચાલી ગઈ ૪૭

સખીઓ ગઈ નીજ ઘેર પણ કુન્દન અહિં બેઠો હતો
માતા પીતાના કૃત્યનો વિચાર તે કરતો હતો
કુન્દન–માતા પીતા મુજ વેરવી પેલા જનમનાં છે અરે
નહિ તો અધમ અહિતનો વિચાર આવો ના કરે–૪૮

બસ છે વિણા એ એકલી મુજ ધર્મની પત્ની ખરી
મા બેન સમ સૌ જાણતો વિણા વિના બીજી વળી
આવે ભરૂચથી પત્ર તેની રાહ જોઇ હું રહયો
નહિ તો ભરૂચ હું જાતે જઉં વિચાર એવો છે થયો ૪૯

કર્તા–કહી એમ કુન્દનલાલ તો સાંજે ગયો નીજ ઘેર તે
નિંદ્રા નહિ આવી જરી રાત્રી વિતી વિચાર તે
વળી રીત શી ભરૂચમાં તે તો જરા તપાસીએ
ગયો પત્ર ત્રીકમલાલનો તેનું બન્યું શું ખાસ છે–૫૦

અહિં પત્ર ત્રીકમલાલનો આવ્યો અરે વાંચી કરી
સહુ છે થયાં શોકાતુરાં ભારે પડી ચીંતા ખરી
નિસ્તેજ વદનો દીસતાં જાણે મરી કોઇ ગયું
નિશ્વાસ મુખથી નાંખતાં હાયે અરે આ શું થયું ૫૧

વળી પાસ કૃષ્ણલાલની પંદર સો પુરા ન'તા
તો લાવવા હજાર ત્રણ કયાંથી અરે જે મગતા
તેથી થયા નિરાશ તે કહી વાત લલીતાને બધી
બે બાકળી થઇ તે બીચારી મુખ તે શકીના વદી ૫૨

જાણી વિણાએ વાત આ બે હાલ તેના છે થયા
માથુ ભમી તેનું ગયું પગ પાણી પાણી થઈ ગયા
બેભાન થઈ ધરણી ઢળી શુદ્ધિ તજી નીજ દેહની
નિરાશ થઈ જોતી હતી જે રાહ ચાતક મેહની ૫૩

છાંટયું શીતળ જળરે લલીતા એ ધીમે લેલાટમાં
તવ ભાન આવ્યું તેહને બોલી મુખે પડી ખાટમાં
કુન્દન અરે ? કુન્દન તમે શું આમ દઇ દગો ગયા
કુન્દન તમો શું નહિ મળો શું આમ વાણી હીણ થયા ૫૪

ત્યાં આપતાં ધીરજ વળી પોતે લલીતા છે વદી
લલીતા–બેટા ધીરજ તું રાખને પ્રભુના કરે ખોટુ કદી
બેલી પ્રભુ છે સર્વનો સહુ સારાં વાનાં તે કરે
ધાર્યું થશે પણ તેહનું માનવ તણું ના કંઈ વળે ૫૫

ત્યાં સાંજરે વળી પોષ્ટમેને પત્ર બીજો આપીઓ
તે પત્ર કુન્દનલાલનો ઉતાવળે લઇ વાચીઓ
આશા તણી ઉર્મી ફુટી ગઇ છે નિરાશા જે હતી
ઘડીમાં ગઇ ગ્લાની થઈ આનંદ છોળો ઉડતી ૫૬

થઈ બે ફીકર ત્યાં કૃષ્ણલાલે પત્ર એકજ પાઠવ્યો
કૃષ્ણ–ના મારી સ્થિતિ આપવાની આપ માગો તેટલા
પણ ફક્ત એક હજાર તો હું આપવા બંધાઉ છું
પલ્લુ કદી કરશો નહિ તો ચાલશે કહી દેઉ છું ૫૭

કર્તા–સાંજે લખ્યો કુન્દન પરે કાગળ વિણાએ એક તો
શાણા અરે શીરતાજ ઓ કાયમ નિભાવો ટેક તો
હું તો વરી તમને ચુકી માતા પીતા સમજાવજો
મારે ન પલ્લુ જોઇએ તમ જાતને લઇ આવજો ૫૮

મારા તમે કુન્દન હુવે હું જું વિણા તો આપની
આ પત્રથી ઝટ આવજો જો બીક લાગે બાપની
ના લાવશો કંઈ વસ્ત્ર આભુષણ તણી પરવા નથી
પતિ ભાવ ઓછો હોય તે તો સ્ત્રી ઘરેણાં માગતી પદ
પણ નાથ મારે માટે એ ચીંતા બધી દેજો તજી
આ દાસ સહચરી આપની કરવા પીયુ આવો સજી
વ્હાલા વિસારે નાખશો તો દેહ આ જાશે પડી
સત્વર સિધાવો નાથ આ વસ્ત્રો સમી થાતી ઘડી ૬૦
કર્તા-લખી પત્ર એવી રીતથી નાખી દીધો પેટી મહી
વળી કૃષ્ણલાલે જે લખ્યો તે તો જઈ પહોંચ્યો તહી
અહિં આવ્યો ત્રીકમલાલના એ હાથમાં કાગળ જહાં
કે તર્ત કુન્દનલાલને બોલાવીઓ આગળ તહાં ૬૧
ત્રીકમ-લે બોલ કૃષ્ણલાલ તો વિવાહનું ના પાડતા
ના થાત જુલમ આપણાથી કે બળે પરણાવતા
કુન્દન-તે ના કદી પાડે નહિ કંઇ માગણી આપે કરી
શકિત ઉપરની વાતએ કબુલ શી રીતે કરે ૬૨
લાચારી બીચારે બતાવી તેથી તો તમને હશે.
લાવો બતાવો પત્ર એ માંહે લખેલું કેમ છે.
ત્રીકમ-જા, જા અરે તું બેસ ડાહ્યા છોકરાં સમજાવતો
પહેરામણી વળી માગી અમદાવાદની રીતેજતો ૬૩
શું તેય પણ આપી શકે નહિ તેટલો ગરીબ છે
ત્યારે મફતમાં છોકરી પરણાવવી કંઇ સ્હેલ છે,

વળી આપે તે હજાર રૂપરડી તણો હિસાબ શો
મટે ધર્યો રહે ઘેર અને કોઇ કાંઇ ન બોલશો ૬૪

કુન્દન–પીતા ગમે તે થાય પણ હું ત્યજ પરણી ચુકીઓ
મા-ના ભરૂષે તે રહયાં વિશ્વાસ મુજ પર મુકીઓ

ચીકમ–ત્યારે તજી આ ઘર તમે વેગા છતા ચાધાવજો
જો આંહિ રહેવું હેય તો મુજ મરજી મુજબ ચાલજો ૬૫

વિરૂદ્ધ વ ંન વર્તવું તો રસ્તો અહિંથી માપજો
નથી જોવું મારે મુખ ત રૂં લાગે અતિશય પાપ તો
જાણે નહોતો છોકરો એમજ હવેથી માનશું
સુખીઆ ઘણા છે વાંઝીઆના દેખવું કે દાઝવું ૬૬

કુન્દન–પીતા તમે તુચ્છકારો શાને મારા મુજને આ સમે
નથી કિંણુ કીધુ કામ તોયે તે તમોને ના ગમે
હું છુ તમારો બાળને હું દાસ દીન વળી આપનો
મન ચ્હાય તો ઘર આપજો નહિ તો અહિંથી કાઢજો ૬૭

રાખો કે ના રાખો તમે પણ છું તમારો દાસ હું
બરદાસ્ત કરવી આપની સમજુ ફરજ મુજ ખાસ હું
માટે પીતા હું વિનવું વિચાર કરીને બોલજો
અંતર દયા ધારી જરા આ ન્યાય સુંદર તોલજો ૬૮

કૃષ્ણલાલ તો હજાર તમને આપવા તૈયાર છે.
વળી પાસ થઇ આ વર્ષમાં હું નોકરી લેનાર છું

તે માંહીથી હજાર બે પુરા કરી આપીશ હુ
ફરીન ઘણાંગે કરકસરને જાતે દુઃખ વેઠીશ હું ૬૯
માટે જ રાખો નામ્ર આ મારા વિનતી તાતઓ
કૃપા કરી મારી ન બીજે કોઈ કરશો વાત તો
મુજ માટે કન્યા ખોળા તે મેં જોઇ છે સાક્ષાત તો
પરણાવશો જો ત્યાં મુને થાશે જરૂર મુજ ધાર્યુ તો ૭૦

ગૌકમ—જા, આવડો ધનવાન તું જ્યો અરે મેં કયારનો
માઝા તજી ઘરડાં તણી ટોચે ચઢયો છું કયારનો
ફરી વાત ખબરદાર આ. સંભાળી બેઠ્યો આજ તું
પરીણામ હિતા હીતનું બેઠો હજુ જોનાર હું ૭૧

જરી રાખ મોટા નાનાનીરે આજ આમન્યા અરે
અમ માત પીતાએ અમોને તોજ પરણાવ્યાં ખરે
ઉછાંછળાપણુ તુજ જેવા ના અમે દીઠા કઇ
મુરખા અરે શું બોલતો અક્કલ હવે મારી ગઇ ૭૨

કરીએ અમે વિવાહ તે તો સો વશા મંજુર છે.
હમણાં નડે પંચક અરે તેથીજ થોડા વાર છે,
પંચક ઉતરતાં તર્ત ત્યાં વિવાહનો હા કહાવશું
બડી ધામધુમથી ત્યાં તને ઉમંગથી પરણાવશું ૭૩

બસ છેલ્લુ કહુ છું તાગે ત્યાં પરણ્યા વિના છુટકો નથી
આ.થેલી ત્રણ હજારની તે બાપની પુંજી નથી

નહિ તો સિધવો માર્ગ આ કોઇએ અમે રોકયો નથી
જા, જા હવે લવરી મુકી હું કાંઇ સાંભળતો નથી ૭૪

કર્તા–કુન્દન ગયો ઉઠી તહાં વિચારતો નીજ ઓરડે
કુન્દન–હાયે હવે હું શું કરૂં ઉપાધીઆ મુજને નડે
જો રહીશ હું અહિંઆં કદી માતા પીતાના માનથી
બળે મુને પરણાવશે મારૂં અહિ કોઈ નથી ૭૫

બસ, જાઉં ગાડી રાતનીએ આજ નડીઆદે વળી
મુજ મીત્ર પરિશીલનને આ વાતથી વાકેફ કરી
લઉ સંમતિ હું તેહની આગળ પછી પગલું ભરૂ
હવેથી અહિ દીન એક રહેવાથી ઘણો હું તો ડરૂ ૭૬

વળતી જઇશ ભરૂચમાં સમજાઉ કૃષ્ણલાલને
આવીશ ત્યાં હું પરણીને માટે જ જીવ ત્યાં ચાલને
જો રાખશે ઘરમાં પીના તો ઠીક નહિ તો હું વળી
કંઈ નોકરી શોધી લઈશ તેની નથી ચીંતા જરી ૭૭

જર લોભી મારા તાતને નવ વેચવા મુજ દેહ દઉ
કોડી ન લેવા હું દઉ મુજ જીવની નિશ્ચે કહું
પ્રીય પાઠકો આરામ લ્યો આજે કથા આ સ્ટોપ છે
કરશુ અધુરી પુરી ચોથા ભાગમાં નવી નોક જે ૭૮

કહે દાસ જોઈતારામ તો આગળ હવે શું વાંચશો
વિણા તણા પ્રેમી વિહારો ત્યાંજ વાંચક વાંચજો,

વરઘેલી વિણા

યાને

પ્રેમી કે પાગલ.

ભાગ ૪ થો.

કર્તા–તે રાતની ગાડી વિષે નડીઆદ કુન્દન તો ગયો,
નીજ મીત્ર પરિશીલન તણા ગૃહે જઇ સુખીઓ થયો.
બેઉ મીત્ર ભેટયા ભાવથી સ્નેહાશ્રુ નયને આવીઆં,
પુછી ખબર અંતર બધી તવ દીલ ઠંડક પામીઆં ૧

પરીશીલન–પેરે પુછયુ પરિશીલને " આવ્યા અચાનક કેમ તો
કુન્દન–તવ કુન્દને નીજ તાત સાથે છે બન્યુ તે જેમ તો
ઉપલક બધુ એ છે કહ્યું કરી પણ વિવાની વાત તો
વળી તે કહ્યુ એ કારણે દિન કેટલા અહીં વાસ તો ૨

મીત્ર ભાઈ ભલે અહીં રહો તમે દીન જેટલા રહેવુ પડે,
સહવાસ મુજને આપનાથી સુખ સારૂ સાંપડે
કર્તા–ત્યાં કુન્દને બીજે દીને એક પત્ર વિણાને લખ્યો,
તે પત્ર પાઠક વાંચજો નીચે બધો જે છે લખ્યો ૩

(પત્ર નં. ૧ કુન્દનનો વિણા પ્રત્યે)

જે પુણ્ય ભુમી નર્મદ તીરે ભુગુપુરની પ્રખ્યાત છે,
મમ વ્હાલી વીણા ત્યાં જે દેવી સમ સાક્ષાત છે.
હું પત્ર પ્રેમે પાઠવુ ઉર્મી હૃદય ઉભરાય છે,
ક્યારે મળુ ક્યારે મળું અહોનીશ એવુ થાય છે. ૪

નીદ્રા અને જાગૃત મહીં બસ ધ્યાન તારૂં હું ધરૂં,
અભીલાષી તમ દર્શન તણો વીચાર ના બીજો કરૂ.
તુજ મુખ મનોહર ભાળતો નયનાં ઠરે અમી તો ઝરે,
આનંદ ઉદધી ઉછળી મમ ભુખ દુઃખને વીસરે ૫

આપે પ્રભુજી પાંખતો આવું ઉડી તમ પાસ હું,
ત્યે હું તને બહુ ભાવથી ઉર રાખ પ્રીય વિશ્વાસ તું.
પવીત્ર લગ્ન ગાંઠથી શાસ્ત્ર વીધી જોડાઇશું,
લ્હાવો અનેરો લઇને ભવસાગરે તરી જાઇશુ ૬

દીલ દર્દ મુજને જે થતું તેવું થતુ તમને હશે,
સુખ સ્વપ્ન તો આવે ઉભયને ધાર્યું તો ઘણીનું થશે
ક્યારે મળું હું તુજને એના વિચારો હુ ઘડુ
દુનિઆ તણી કંઈ દે'શ તે સાહસ થકી પાછો પડુ ૭

મમ તાત પૈસા માગતા પણ પ્રેમથી સમજાવીશું
વ્હાલી વિણા તું માનજે સંદેશ સારો કા'વીશું.
માટે મધુરી માનજો આ વેણ સાચુ માનજો
વિણા ગણી મારી ખરી વિશ્વાસ રાખી ચાલજો ૮

આ પત્ર તમને પાઠવ્યો અ.વ્યા સમુ મારૂ ગણી
ધારી ધીરજ બેસી રહો ચીંતા મને તેની ઘણી
વળી પત્ર મુજને જો લખો એડરસ આ નીચે લખ્યું
પહોચે વળી મુજ હથમાં લખજો અરે એ રીતશું ૯
લખજો પરિશીલન ગૃહે કુન્દન અરે મહેમાન છે
નડીઆદ મધ્યે તો ખરૂ સાહિત્ય મદીર સ્થાન છે.
ત્યાં પત્ર હાથો હાથ આ કુન્દન તણે પહોંચે વળી
લખજો કરી એડરસ એ કરી પેક કાગળ તો વળી ૧૦
લી. તારો આજ્ઞાધિન સેવક કુન્દન

કર્તા–લખી આમ કાગળ કુન્દને કરી પેક પોષ્ટે નાખીઓ
જોતાં જ રાહ જવાબની કંઇ દિન ગણવા લાગીઓ
આ તર્ફ પત્ર જ પહોંચીઓ વિણા તણાએ હાથમાં
વાચી વિચારી હરખી તે અત્યંત છે દીલ સાથમાં ૧૧
પેટી મહીંથી પત્ર કાઢી તર્ત લખવા બેઠી તે

પત્ર નં. ૨ (વિણાનો કુન્દન પ્રત્યે)

આનંદના આવેશમાં લખવા પ્રત્યુતર નાથને
વ્હાલા જહા જે નાવડી ડુબતી બચાવી સાગરે
દાવાનળે બળતો અરે જયમ નાગને તાર્યો તમે ૧૨
ત્યમ પિયુ તમ પત્રથી મમ પ્રાણ જાતો છે બચ્યો
મૃત દેહ મારા પર અરે આજે અમીધટ છે સીંચ્યો
તમ દર્દ દિલનું વર્ણવ્યુ તેથી અધીક તો છે મને
પુરી પ્રણયની વેદના સ્હેવાય તે ના આ તને ૧૩

નયનો મળી છુટાં પડયાં ત્યાંથી નયન ભીજી રહયાં
મનની સ્થીતિ એવી થઇ પવને ધ્રુજી પત્રો રહયાં
તન આ તપી વિરહાનળે દિન દીન કૃપ થાતુ કહું
છો શાન્તિ જળ સીંચક તમે તો માહરે કહો કવાં જવું ૧૪

ચાતક ચહે છે ચીતથી વર્ષા તણા વિલાસને
પોકારે ચકવી રાત્રીએ વિરહે બળી નીજ નાથને
ચાહે ચકોરી ચીતથી હાં ચંદ્રમાના તેજને
હું ચાહુ તેવી રીતથી ઓ નાથ તમના પ્રેમને ૧૫

લલચાઇ રહયો ષટપદ અરે પત્રો તણા પરાગમાં
હરણાં તણું મન ચોટીયું છે રમ્ય ગાયન રાગમાં
છે માન સરવર હંસલાનુ મન મેળે લાગીયું
સુંદર ઘટા ઘનની થતાં જયમ મોર મન લાગીયું ૧૬

ઇચ્છા કરે જયમ માછલી છે મેઘની જે ભાવથી
રવી તેજમાં ચકવા તણી દ્રષ્ટી સમી જે ભાવથી
તે ભાવથી હું નાથ તમને નેહથી ન્યાળી રહી
ભરી બાથ વિણા માહરી કયારે કહો ચુંબન કરી ૧૭

મુજ કાળજુ ભેદાઈ જતું મન્મત તણા શરથી અહા ?
સરીતા, સમીરને ચંદ્ર આ દેતાં મને કષ્ટો મહા
કોયલ, બપૈયા, મોર તે હાંસી કરે મારી અરે
હજુએ કુંવારી ધારીને દુનીઆં ઘણી ચેષ્ટા કરે ૧૮

જોબન તણી ફુલવાડી આ માળી વિના સુકાય છે.
રોપા બધા કુમળા કુટયા તે તો હવે કરમાય છે.
માટે પીયુ આ પત્ર પહોંચે અત્ર વહેલા આવજો
આસા ભર્યો સંદેશ વ્હાલા તર્ત મુજને કહાવજો ૧૯
લી. આપની ભવોભવની કીંકરી
" વિણા "

કર્તા–ઉપર લખી રીતે કરી શીરનામુ પત્રજ નાખીઓ
આશા તણા અંકુરથી અતિ સ્નેહ અંતર દાખીઓ
અહિં પત્ર પરીશીલન ગૃહે નડીઆદ માહે આવીઓ
વાંચી પ્રથમ તે કુન્દને નીજ મીત્રને બતલાવીઓ ૨૦
પુછી પરિશીલન તણી તે કાર્ય માહે સંમતિ
પરવાનગી પરિશીલને પણ સ્નેહથી આપી દીધી
કુન્દન–વળતી વધો કુન્દન તહાં મુગુક્ષેત્રમ હું જઉ હવે
દીન ચાર પછી ત્યાં જાઇને વિણા ગૃહે હું તો હવે ૨૧
કર્તા–એ પત્ર વિણાનો ચઢયો કુન્દન કરે જ્યાંથી અરે
ત્યાંથી સ્થીતિ પલટાઈ છે. કુન્દન તણી પ્રેમાતુરે
ના બોલવું, ના ચાલવું, ધરી મૌન બેસી તે રહે
નિંદ્રા ન આવે રાત્રીએ હરદમ વિણા જપતો રહે ૨૨
નિંદ્રા જરા કંઇ આવતી તે સાથ સ્વપ્ને પણ વિણા
જગાડતી આવી અરે જાગે નહિ જો તો વિણા!
એ બાકળા રજની બધી પથારાએ બેસી રહે
વ્હાલી વિણા, વ્હાલી વિણા, એ નામ હરદમ તો રહે ૨૩

ના ચોટતું ચીત કામમાં ના શબ્દ સ્પષ્ટજ આવતો
અંતરીક્ષને હવા મહીં ઉભી નિણા અવલોકતો
હું દાસ તુજ કર માફ કહી કૃતગ્નતા દર્શાવતો
તેવી સ્થીતિ થઇ પ્રેમના કુન્દન બન્યો પાગલ પુરો ૨૪

*　　　　*　　　　*　　　　*

વાચક હવે વિચારીએ કુન્દન પોતા ત્યાં શું કરે
કુન્દન ગયો રીસાઇને તેથી હવે તે તો ઝુરે
જાણ્યું નહિ બે દીન કુન્દન ક્યાં ગયો રીસાઇને
શોધી વળ્યાં કંઇ શહેરમાં મનથી ઘણા ગભરાઇને ૨૫

પત્ર નં. ૩ પરીશીલનનો ત્રીકમલાલ પ્રત્યે

ત્રીજે દિવસ જ્યાં પત્ર પરિશીલન તણો છે આવીઓ
તેમાં લખ્યું મુજ મીત્ર કુન્દનલાલ અહિંઆં આવીઓ
મેં પુછતાં જાણ્યું અરે રીસાઇને તે આવીઓ
વળી રીસ એ છે લગનની કુન્દન દીસે છે લાવીઓ ૨૬
માટે પિતાજી વાત આ મારી જરા શીખની ધરો
છોડી મમત સઘળો તમે એ ભાઇ કહે તે તો કરો
સંસાર જો સુધારવા નીજ પુત્રનો ચ્હાતા તમો
કન્યા પસંદ કુન્દન કરે ત્યાં ના બતાવો અણગમો ૨૭
નહિ તો જરૂરે આવશે પરિણામ વિપરીત તો ખરે
સચવાય ના તમ માન મર્યાદા વિચારો તે અરે

લી. તમારો આજ્ઞાધીન સેવક
"પરીશીલન"

એ રીતનો જ્યાં પત્ર તીકમલાલને આવી મળ્યો
તેથી મટી ચીંતા બધી પણ રોષ અતર છે વધ્યો ૨૮
મનથી વિચાર્યું છોકરો શું આજથી છટકી જશે
હું છું હજુ બેઠો છતાં ધાર્યું અરે તેનું થશે
છોને કરે એ ફંદ પણ ના તેહનુ ધાર્યું થશે.
ડરી જઇશ હું શું એમ એ શું ધારતો મનમાં હશે ૨૯
અહિંઆં ગણ્યા દૈહણ તણા હજાર ત્રણ જ રોકડા
માગુ સ્વીકર્યું તેહનું સૌથી અમે થઇને વડા
તેને હવે શું ના કહું શું સુખ લઇને આજ તો
છે લગ્ન પણ લીંધુ હવે છે દીન બાકી સાત તો ૩૦
છે કૃષ્ણલાલજ માહરો પરભવ તણો વેરી પુરો
મુજ પુત્રને છે ભોળવ્યો દઇને દિલાસો તો બુરો
માટે શ્રીફળ તેને હવે અહિંથી છુટ્ટુ ફેંકી દઉં
સો ગાઉ સુધી આશ ના રાખે લખી તેવું દઉં ૩૧

પત્ર નં. ૪ બનાવટી ત્રીકમલાલનો કૃષ્ણલાલ પ્રત્યે

એવું વિચારી પત્ર એજ તર્ત કુન્દનલાલના
એ નામનો જુઠો લખ્યો તેમાં લખી છે આ બીના
માલુમ કૃષ્ણલાલને ભુગુક્ષેત્રમાં થાયે વળી
લખીતંગ કુન્દનલાલના સ્વીકારશોજી શ્રી હરી ૩૨
આપ્યુ હતુ મેં આપને વચન અરે સ્વેચ્છા થકી
લાગુ પડે છે પણ અરે લાચારી સાથે આ નકી
મુજ તાત વચ્ચે આવતા વિણા તણા વિવાહમાં
ના તાતની આજ્ઞા ઉલંઘન થાય મુજ વિવાહમાં ૩૩

એ દાહમાં બળતા હૃદયથી આ લખાવ્યો પત્ર છે.
એ માનજો સાચુ ખરૂ કરીઓ વિવા મુજ અત્ર છે.
વિણા સમો વર કંઈ તમે ખોળી હવે તો કઢાડજો
મુજ લગ્ન લેશે ત્રણ દિને ના આશ મારી રાખજો ૩૪
લી.
' Kundanlal "

કર્તા–મજકુર એવો ગોઠવી લખી પત્ર તીકમલાલ તો
અંગરેજીમાં નીચે લખ્યુ પોતેજ કુન્દનલાલ તો
આ પત્ર નાખે પોષ્ટમાં ત્રણ દિન પુરા તો થયા
ત્યાં તર્ત તીકમલાલ તો વળી તાર કરવાને ગયા ૩૫

(તાર)–પરણાવીઓ નીરવીઘ્નથી અહિ આજ કુન્દનલાલને
માટે તજી આશા હવે પરણાવજો તમ બાળને
કર્યા તાર નીજના નામથી ભુગુક્ષેત્રે કૃષ્ણલાલને
એ રીતે તારે મોકલ્યો કપટ ભર્યા હેવાલને ૩૬

* * *

ભુગુક્ષેત્રમાં કુન્દન તણા નામે લખેલો પત્ર જે
બનાવટી જેને લખ્યો આવ્યો અરે તે અત્ર છે.
તે કૃષ્ણલાલે રાખીઓ છાનો બધાથી છે અરે.

કૃષ્ણલાલ–જાણ્યું હવે બગડી ગઇ ના કાંઈ તેમાંથી વળે ૩૭
ઉલટાં કરે આક્રંદને વળી કાંઈ વીગરત તો બને
માટે હવે સમજાવીને મન વાળશું થોડા દીને
ત્યાં સુધી ખોળી કાઢુ હું વિણા સમો વરતો બીજો
વિદ્યા વિનય રૂપ ગુણમાં કુન્દન થકી અધીક જો ૩૮

કર્તા-વિચાર એવો ગોઠવી તે સાંજના ફરવા ગયા
ત્યાં એટલામાં તારવાળાના નાચે ઘાંટા થયા
આવી લલીતા દોડતી એ બાકળી વિસ્મય થતી
આ તાર કયાંથી આવીઓ ઘાંટા વિણાને પાડતી ૩૯
આવી વિણા પણ દોડતી ઝટ તાર લઇ તે વાંચીઓ
તે વાંચતો બેભાન થઈ હૈયું ભરાઇ આવીયું
ચકરી ચઢી શીર તો ભમ્યું ચક્ષુ ગયાં ફાટી અરે
નીમીષમાં હેઠે પડી ગઇ ભાન ભુલી તે ખરે ૪૦
અફળાયુ શીર પત્થર સહે ત્યાં રકત તેથી નીકળ્યું
લલીતા હવે હિંમત તજી રૂદન જ ના ખળ્યું
તે સાંભળી પાડોશીઆં દોડી તહાં છે આવીઆં
વિણા તણી આશ્વાસના કરવા બધાંએ લાગીઆં ૪૧
ત્યા કૃષ્ણલાલે એટલામાં તાર આવી વાંચીઓ
તે સાંભળી પાડીસીઆ વિસ્મય અરે તેથી થયાં
હજુ કોઇ નોતું જાણતું વિણા તણો વિવાહ તો
કયાંથી અચાનક આજ તો સળગ્યો અરેરે હાહુતો ૪૨
ઉપાડી વિણાને સુવાડી ખાટલે છે તર્ત તો
પાટા બધા બાંધ્યા શીરે પણ છે નહિ કંઈ શર્તતો
આવી જરા શુદ્ધિ કંઈ ચક્ષુ ઉઘાડી બોલી તે
વિણા—આ શું કર્યું કુન્દન તમે બેઠા ફરી શું બોલીને ૪૩
કર્તા—કે તર્ત આવી તાણને બેભાન થઈ પાછી પડી
વળી સ્હેજ આવ્યું ભાન એ સ્થિતી રહીને બે ઘડી

વળી કૃષ્ણલાલ જ બોલીઆ દેતાં દિલાસો તેહને
કૃષ્ણલાલ-તું રાખ ધીરજ બેન તું આ સાચવી લે દેહને ૪૪
વર તો મળે એથી રૂડો જગદીશ સહુ સારૂ કરે
પ્રભુ પર ભરોસો રાખતું આક્રંદ કરે કંઈ ના વળે
લલીતા-લલીતા વળી બોલી તદાં ફીકી અરે આ શું કરે
વિધીના લખેલા લેખ તો ના કોઈથી પાછા ફરે ૪૫
કુન્દન બિચારો શું કરે છે તાતનું કારણ બધુ
વળી આવી સ્થિતી આપણી પેદણુ તણું ના છે ગજુ
માટે પ્રભુ ઇચ્છા ઘણી બળવાન બાળા જાણતું
કુન્દન તણા કાગળ વિના હજુ કેમ સાચું માનવું ૪૬
કર્તા-ત્યાં કૃષ્ણલાલે તરત તે તે પત્ર કહાડી વાંચીઓ
કુન્દન તણા નામે તો કમલાલે અરે લખીઓ હતો
તે સાંભળી લલીતા તણી ઉમેદ ભાગી ગઇ હવે
વિણા અરે ધીકારતી નર જાતને કંઈ કંઈ લવે ૪૭
નાખ્યો નિસાસો કારમો ચોધાર નયને તે રડે
વિણા-ઉઠી ઉભી થઈને કહ્યું જાઓ નહી વાંધો પડે
કર્તા-સગાં સહુ વિખરઈ ગયાં લલીતા રસોડે તો ગઇ
કૃષ્ણલાલ તો લેવા દવા ગયા બહાર તે શીશી લઈ ૪૮

પત્ર નં. ૫ વિણાનો અંતીમ કૃષ્ણલાલ પ્રત્યે.

ત્યાં સુધી વિણાએ લઇ એક પત્ર તેમાં તો લખ્યું
રૂણો પીતા મારા વિષે થયું છે વિધીએ જે લખ્યું
ધારી હતી હું કયારની રે એજ કુન્દનલાલને
પણ પરણવાનું છે મળ્યું તે આજ કુન્દનલાલને ૪૯

પરણ્યા ભલે એ છે છતાં હું તો હવે પરણું નહી
મુજ એક ભવમાં એ પતિ હાથે ફરી કરવા નથી
કુન્દન તણી તો આડખીલી જન્મભર હું તો રહુ
તેથી જીવી હું શું કરૂ રહેશે પ્રમોદે તે બહુ ૫૦
હું દુર થાઉ અજથી છો તાતના વચને પળે
વળી લગ્નની ચીંતા થકી મુજ માતનું અંતર બળે
ચીંતા તમોને છે ઘણી મુજ માટ યત્નો આદર્યા
કર્મહિણીના નસીબે સર્વ તે પાછા ફર્યા ૫૧
તેથી પિતા મેં આજ જે છે માર્ગ સારો લાગીઓ
તે તો લીધો નીરભય પણે દુઃખ ઓદર આજે ભાગીઓ
મુજ માતને આપી ધીરજ રોવા ન દેશો પાછળે
આ પુત્રી તમ જય. જાય છે ત્યાંથી નહિ પછી વળે ૫૨
પીતા મુને ના ખોળશો રે કલ પ્રાતઃકાળતો
આ પત્ર મળશે આપને સર્વે તે તણુતું સબ હશે.
વળી આવે કુન્દનલાલ તો કહેજો ખબર મારી અરે
કરતી સ્મરણુ વિણા ગઇ સ્વર્ગે તમારૂ નો ખરે ૫૩
લી તમારી કર્મહિણી "વિણા"

પત્ર નં. ૬ વિણાનો અંતીમ કુન્દન પ્રત્યે

કર્તા-આ પત્ર લખી પીતા તણી પેટી પરે મુકયો જઇ
વળી ત્યાંજ કુન્દનલાલને લખીઓ વળી બીજો લઇ
કુન્દન તમે ના આવશો, ના લાવશો મારી દયા
હું ખુશ થઇ આજે હવે પરણી તમે સુખીઆ થયા ૫૪

પણ દુઃખ અંતર એ થતું મમ આડખીલી સાલસે
વળી સાલતુ પણ એ હશે વિણા જ ઠપકો આપશે
પણ નાથ હું ખાતરી દઉં એવો ન ભય તો ધારશો
છું આપના સુખે સુખી હું તો થઈએ માનશો ૫૫
પણ જીંદગી સુધી તમોને શર્મ શાણા આવશે
મારી હયાતી જ્યાં સુધી ત્યાં સુધી એવું લાગશે
તેથી પીયુ પંથે પડુ મુજને સુઝ્યો છે આજ જે
હું જાઉ છું જે સ્થાનકે ખોળી વિણા આ નહિ જડે ૫૬
હું જાઉ છું જે સ્થાનકે ત્યાં માનવી આવાં નહિ
હું જાઉ છું જે સ્થાનકે ત્યાં દુઃખડાં આવા નહિ
હું જાઉ છું આ છેતરી ના કોઇ મુજને ઝાલશે
હું જાઉ છું તે સ્થાનકે ના તોપ બાજી ચાલશે ૫૭
માટે પિયુ તજીને સ્મરણ સુખ ચેનથી રે'જો હવે
મળશુ હશે જો પ્રેમ પુરો તોજ કુન્દન પર ભવે
આ પત્ર આવે હાથ તમને પહેલાં દેહજ આ જશે
બલિદાન માતા નર્મદાને આજ વિણા અર્પશે ૫૮
સ્વર્ગે જઇ દર્શન કરી વ્યોમે રહી જીવતી રહું
ત્યાં નાથ પણ તમ નામની જપ માળ હું જપતી રહું
જો સાંભળે તો કોક દીન મુજને તમે સંભાળજો
પ્રીય નાથ મુજનો મોહ ટાળી રે હવે મન વાળજો ૫૯
પ્રીય નાથ આ ભીંજી ગયો છે પત્ર અશ્રુ ધારથી
નયનો ભરાયાં અશ્રુથી આ હાથ કહ્યું કરતા નથી

માટે પીયુ છેલ્લા પ્રણામો કીંકરીના માનજો
આ દાસીએ જે શ્રમ દીધો તે માફ સુજને આપજો ૬૦
લી આપની હમેશની વિયોગી ' વિણા "

કર્તા લખી એમ પત્ર જ બીડીઓ શીરનામુ પણ દીધુ કરી
વળી પોષ્ટની પેટી મહીં નાખ્યો જઈ ઉતાવળી
ત્યાં તેવે કૃષ્ણલાલ તો લઈને દવા આવ્યા તહાં
કંઇ પાઇને કંઇ ચોપડી જ્યાં ત્યાં હતુ વાગ્યું તહાં ૬૧
સહુ કોઇ જમી પરવારીને નિંદ્રા તણે આધીન થયાં
વિતી અરધ નિશા જહાં નેત્રો વિણુ નાં ઉઘડ્યા
ઉઠી થઈ ઉભી પથારીથી વિણા ધીમે રહી
તે નીકળી પથારીને પ્રણામ તો છેલ્લા કરી ૬૨
ઉઘાડી બારી પાછલી તેમાં થઇ નીકળી ગઈ
આવી સરીતા તટ પરે હિંમત ધરી ઉભી રહી
કરીને સ્તવન ત્યાં શ્રી હરીનુ ને જ કુન્દનલાલનુ
વિણા-કહી નર્મદા લેજે શરણ બક્ષીદાન લે વિણા તણું ૬૩
કર્તા-કહી એટલું કુદી પડી વિણા અરે ભર નર્મદે
આ જાય, પેલી જાય જોતાં થઇ ગઇ અદ્રશ્ય તે
વિણા તણી વિપરીત દશા જોઇ તરૂ રડતાં હતાં
માળે વસેલાં પક્ષીઓ પણ શોક ભીનાં તો થતાં ૬૪
કૃષ્ણલાલ તો જાગી સવારે જાય જોવા તો વિણા
પથારીએ દીઠી નહિ બોલાવી સાદે તો ઝીણા

ના બોલીયું કોઈ વળી જાતે જઇ જોઈ વળ્યા
પગલાં પડેલા બારીએ સરીતા તરફ તે છે વળ્યાં ૬૫
પાછો વળી જુવે જહા છે પત્ર પેટી પર પડ્યો
લઈ પત્ર વાચ્યે પેરથી તો વેમ સાચો છે પડ્યો
જોયું જઈ સરીતા પરે ડુબી વિણા નિશ્ચય ખરે
આવી અરે નીજ ઘેર તે આક્રંદ અદકુ છે કરે ૬૬
લલીતાએ જાણી વાત આ માથુ બધુ નાખી કુટી
રે હાય વિણા, હાય વિણા શું ગઈ મુને મુકી
સગાં સબંધી સહુ મળ્યાં આચાર સહુ રીતે કર્યો
કૃષ્ણલાલને લલીતા તણું તો મન વળાળી તે વળ્યાં ૬૭

*　　*　　*　　*

વાચક હવે ચાલો તમે કુન્દન બન્યો પાગલ તહાં
આશા તજી નીજ તનની તૈયારી કરી વિણા જહાં
કુન્દન—જઇ આપ મેળે આજ હું ભુગુક્ષેત્રમાં વિણા વરૂ
જાએ નકામા દીન આ અહિંઆં પડી રહી શું કરૂ ૬૮
ત્યાં તર્ત ઉઠયો ટેકથી જઇ મીત્રને મળીઓ વળી
હું જાઉં છું જો આ ઘડી ભુગુક્ષેત્રમાં સમજી કરી
તું આવજે ત્યાં મારી જાનમા તું આવજે
હું પત્ર લખુ કે તર્ત તું ઓ ભાઇ મારા આવજે ૬૯
આવે કદી જો પત્ર હમણાં સ્ટેશને પહોંચાડ જે
આવે પછીથી જો કદી તો તારથી પહોચાડ જે
કહી એમતે ઉતાવળો ગયો સ્ટેશને છે દોડતો
કંઇ વારે ગાડી આવી ત્યાં બેઠા છતાં જોતો હતો ૭૦

ત્યાં એટલામાં દોડતો નીજ મીત્ર પરીશીક્ષન દીઠો
જોઇ પત્ર તેના હાથમાં આવ્યો ઉમળકો છે મીઠો
ગાડી મહાથી ઉતરી કાગળ લીધો સામે જઇ
ત્યાં એટલામાં ટ્રેનની વિસલ તરત તો છે થઈ ૭૧
દોડી ચઢયો ગાડી પરે પાકીટ ખીસ્સામાં ધરી
ને હર્ષના આવેશમાં જોયો ન કાગળ તો ફરી
ત્યાં એટલામાં આવ્યુ છે ભરૂચનું સ્ટેશન વળી
ઉતર્યો જયાં ગાડીપરથી તર્ત ખબર તો મળી ૭૨
પણ ખાત્રી કરવા પુરી ગયો ઘેર કૃષ્ણલાલને
કાગળ બતાવી કૃષ્ણલાલે કીધુ કુન્દનલાલને
કૃષ્ણલાલ-વિણા સિધાવી સ્વર્ગમાં છે આપના કાગળ થકી
કર્તા-ત્યાં પત્ર પેલો સાંભળ્યો આવી ખબર અહિ સાંભળી ૭૩
તે તર્ત કાઢી વાંચીઓ બેભાન સ્થિતિ ત્યાં થઈ
ચીતડુ ભમી તેનુ ગયું શુદ્ધ શાન તેની છે ગઇ
પાછો વળી એક પત્ર કહાડી તર્ત લખ્યું આ રીતનુ
પાપી પીતા તમ કૃત્યથી આજે ઘણો દીલગીર છું ૭૪

પત્ર નં. ૬ (કુન્દનલાલનો પીતા પ્રત્યે)

મારી વિણા સ્વર્ગે ગઇ હું પણ હવે ત્યાં જાઉ છું
ના ખોળશો મુજને હવે દરબાર પ્રભુને જાઉ છું
ઓ સ્વાર્થના લોભી પીતા મારો તમોને શ્રાપ છે.
મુજ જોડી તોડી પ્રેમની કોટાન કોટી પાપ છે ૭૫

પૈસો ટકો પુરો ભર્યો તે વાપરો અતિ હોંસથી
ના ના રડો કકળો કદી કાઢો ન દીન અફસોસથી
તમ આંખમાં ધુળ નાખીને આજે વિણાને જઇ વરૂ
સ્વર્ગે જઇ દેવો સમીપ હું લગ્ન વિણાથી કરૂ ૭૬

લી. તમારો કંટકરૂપ પુત્ર " કુન્દન "

પત્ર નં. ૭ (કુન્દનલાલનો મીત્ર પ્રત્યે)

કર્તા—લખી પત્ર નાખ્યો પોષ્ટમાં બીજો લખ્યો નીજ મીત્રને
વિણા ગઇ હું જાઉં ધારી હ્રદય એ ચીત્રને
મુજ પાછળે આવીશ નહિ ઓ ભાઇ સાચુ હૂં કહું
ભેટો નહિ મારો થશે સ્વર્ગે હવે હું જાઉં છું ૭૭
આ પત્ર દેખી ભાઇ તું મમ જાન નહિ પણ કાણને
ઉઘલાવ જે, તું આવજે આ નર્મદા એંધાણ છે,

લી. તારો સદાનો વિયોગી મીત્ર " કુન્દન "

કર્તા—આ પત્ર પણ નાખ્યો જઇ પાગલ બન્યો પુરો હવે
વિણા, વિણા રટતો મુખે બીજુ ન કાંઇ તે વદે ૭૮
વિણા સરીતામાં ગઇ તે ઠામની શોધે ગયો
કુન્દન તણો હેવાલ ત્યાં વાચક સુણો છે શો થયો
પ્રીય પાઠકો આરામ લ્યો આજે કથા આ સ્ટોપ છે.
કરશુ અધુરી પુરી પંચમ ભાગમાં નવી નોક જે ૭૯
કહે દાસ જોઇતારામ એ કઠલાલકર વાણી વદે
સહુ વાંચજો એ ભાગ પંચમ ત્યાં હ્રદય સહુનાં ઠરે.

સસ્તી કીંમતમાં ઉત્તમ વાંચન તૈયાર છે.

જમનનાં રાષ્ટ્રીય ગીતો	...	...		રૂ. ૦-૧-૦
વર્તમાનકાળનો ઇન્સપેક્ટર		...	...	૦-૧-૦
રાષ્ટ્રીય ગરબા—સ્વરાજ્ય ગર્જના...			...	૦-૧-૦
સંગીત શશીકળા સચિત્ર વાર્તા...			...	૦-૬-૦
સ્વતંત્ર સ્વરાજ	...	...	...	૦-૧-૦
દ્રષ્ટી (રવીન્દ્રનાથ ટાગોર કૃત)		...	...	૦-૨-૬
રાજર્ષિ ભર્તુહરી—સચીત્ર વાર્તા ...			...	૦-૮-૦
ચણ્ડીદેવીની ચડાઇ—ભાગ ૧-૨		...	...	૦-૨-૦
મુંબાઇની શેઠાણી ભાગ(૧-૨-૩-૪)			...	૦-૪-૦
જસમાઓડણ—સતી સાવિત્રી		...	...	૦-૧-૦
સોળે વરસની સતિ નવ વરસનો પતિ— (ભાગ ૧ થી ૬)		...	...	૦-૪-૬
સમયનો સીતારો	...	...	...	૦-૧-૦
ફેશનેબલ જમાનો	...	......	...	૦-૧-
કલીયુગનાં કૌતક...	...	...	...	૦-૧-

બુકસેલરો અને ફેરી કરનારા ગૃહસ્થોને ભારી કમીશન આપવામાં આવે છે.

બુકસેલર જદુલાલ નારણદાસ—નડીઆદ